न्याय सब के लिए

ACCESS TO JUSTICE FOR ALL

# ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ

## બાળકને બાળક જ રહેવા દઈએ, બાળલગ્ન નાબૂદ કરવા સહકાર આપીએ

♦ **બાળલગ્ન એ બાળઅધિકારનું ઉલ્લંઘન છે.**

- બાળલગ્ન - કોઈપણ લગ્ન કે જેમાં છોકરીની ઉંમર ૧૮ વર્ષ કરતાં નાની હોય અને છોકરાની ઉંમર ૨૧ વર્ષ કરતાં નાની હોય તે બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ (૨૦૦૬) મુજબ ગેરકાનૂની છે.
- બાળલગ્ન બાળકને તેના મૂળભૂત અધિકારો, જેવા કે શિક્ષણ, આરોગ્ય, પોષણ, હિંસા - સતામણી અને શોષણ સામે રક્ષણ મેળવવાથી વંચિત રાખે છે, ઉપરાંત બાળકની પાસેથી તેનું બાળપણ છીનવી લે છે.
- ૧૯૯૨માં ભારતે સ્વીકૃત કરેલા બાળકોના અધિકાર અંગેના સમજૂતી પત્રમાં જણાવ્યા મુજબ, દરેક બાળકને બાળલગ્ન સહિત હિંસા, સતામણી અને શોષણ સામે રક્ષણ મેળવવાનો અધિકાર છે.

♦ **બાળલગ્ન બાળકનાં વિકાસ, શિક્ષણ, આરોગ્ય તેમજ ભવિષ્ય ઉપર નકારાત્મક અસર કરે છે.**

- છોકરા કરતાં છોકરીનાં જીવન ઉપર બાળલગ્નના દુષ્પરિણામોની વધુ ઊંડી અને વધુ ગંભીર અસર થાય છે.
- બાળલગ્ન કરવામાં આવતી છોકરીઓ મોટે ભાગે...
  - શાળા છોડી દે છે. ઓછા વેતનવાળું કામ કરે છે, ભેદભાવનો સામનો કરે છે તથા ઘરની બાબતોમાં તેની નિર્ણયશક્તિ મર્યાદિત કરી દેવામાં આવે છે.
  - કિશોરાવસ્થામાં જ સગર્ભા બને છે, જેને કારણે તેણીનાં જીવનું જોખમ થઈ શકે છે તથા તેનાં બાળકને ચેપ, કુપોષણ તથા મૃત્યુનો ભય રહે છે.
  - હિંસા, સતામણી અને એચ.આઈ.વી.નો સામનો કરે છે. તેના પતિ સાથે કે ઘરની મોટી ઉંમરની અન્ય મહિલાઓ સાથે મનની વાત કહેવાની તક કે હિંમત હોતી નથી. તેની નિર્ણયશક્તિ તથા જીવનના મહત્ત્વને કુંઠિત કરી નાખવામાં આવે છે.

- **બાળલગ્ન પ્રતિબંધક અધિકારી :**
  - બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ના અસરકારક અમલીકરણ અંગે દેખરેખ રાખો.
  - બાળલગ્નના જોખમો અંગે જાગૃતિ ફેલાવો.
- **માતાપિતા, વાલી, સમુદાયના સભ્યો તરીકે આપણી ફરજો :**
  - દરેક બાળકને શિક્ષણ આપો. દીકરીને ભણાવો તથા તેના સ્વપ્નોને પૂરા કરવામાં સહયોગ આપવો જોઈએ.
  - કોઈપણ બાળલગ્નમાં હાજરી આપવી નહિ.
  - જો બાળલગ્ન થઈ રહ્યા છે તે અંગે તમને જાણમાં આવે તો તરત જ સ્થાનિક તંત્ર, જેમ કે પોલીસ, પંચાયત સભ્ય, બાળલગ્ન પ્રતિબંધક અધિકારી કે જિલ્લા ન્યાયાધીશને જણાવો.
  - બાળસુરક્ષા સમિતિ જેવી સમુદાય કક્ષાની સંસ્થાને જાણ કરવી.
- **નિ:શુલ્ક કાનૂની સેવા :**
  - બાળકોને તેમના કાનૂની હક્કોના ભંગ પ્રસંગે કાનૂની સેવાની જરૂરત હોય ત્યારે તેમને નિ:શુલ્ક કાનૂની સેવા મળી શકે છે.
- **નિ:શુલ્ક કાનૂની સેવા-સલાહ માટે સંપર્ક કરો :**
  - તમારા નજીકના જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ/તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરો.

**મુખ્ય કચેરી**


## ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ

**ત્રીજો માળ, ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ બિલ્ડીંગ,**
**ગુજરાત હાઈકોર્ટ પોસ્ટ ઓફિસ પાસે,**
**ગુજરાત હાઈકોર્ટ કોમ્પ્લેક્ષ, સોલા, અમદાવાદ - ૩૮૦ ૦૬૦.**
**ટોલ ફ્રી નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ / ૧૫૧૦૦**

**શાખા**

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**
**બંગલા નં. ૧૨, ડફનાળા, શાહીબાગ,**
**અમદાવાદ**
**ટોલ ફ્રી નં. : ૧૮૦૦-૨૩૩-૭૯૬૬/૧૫૧૦૦**

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ**
**જૂની હાઈકોર્ટ, નવરંગપુરા,**
**અમદાવાદ**
**ફોન નં. ૦૭૯-૨૭૫૪૦૫૮૩**